# પાઠ - ૧૩ નવો જન્મ

**યાદ રાખો :** *"ઈસુએ તેને ઉત્તર આપ્યો અને કહ્યું કે, હું તને ખચીત ખચીત કહું છું, જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી." (યોહાન ૩ : ૩)*

**પ્રસ્તાવના :** *પ્રભુએ લુક ૧૩ : ૨૪ માં કહ્યું, સાંકડા બારણામાં થઈને પેસવાને યત્ન કરો, કેમકે હું તમને કહું છું કે, ઘણા પેસવા ચાહશે પણ પેસી શકશે નહિં. જ્યારે આપણે મૃત્યુ પામીએ છીએ ત્યારે આપણે અબઘડી સ્વર્ગને આપણું ઘર બનાવતા નથી. ઈશ્વર પાસે એક માર્ગ છે જે જીવન તરફ દોરે છે. આપણે આ મુસાફરીની શરૂઆત કરીએ એ પહેલાં નવો જન્મ પામવા દ્વારા આપણે લાયકાત કેળવવી જ જોઈએ. આ અદ્‌ભુત અનુભવ પસ્તાવો (આપણી ઈચ્છા પ્રત્યે મૃત્યુ / મનનું પરિવર્તન) પાણીથી જન્મ (બાપ્તિસ્મા) અને આત્મા (પવિત્ર આત્મા) થી જન્મ પર આધારિત છે. આ પ્રકરણનું માળખું તમને નવા જન્મના પાયાનું જ્ઞાન આપવા માટે છે, કારણ કે તે વિના તમે તેના રાજ્યનો ભોગ બની શકો નહિં.*

## તમારે નવો જન્મ પામવો જ જોઈએ !

*(૧) શું માંસ તથા રક્ત દેવના રાજ્યનો વારસો પામી શકે ? (૧ કરિંથી ૧૫ : ૫૦) ........................ એ માટે આપણે બીજી વખત જન્મ પામવો જ જોઈએ.*

*(૨) નવો જન્મ ........................ અને ........................ પર આધારિત છે. (યોહાન ૩ : ૫)*

*(૩) આપણે "નવા જીવન" નો અનુભવ કરી શકીએ તથા આત્મિક રીતે લાભદાયી બનીએ એ પહેલાં આપણે ઘંઉના દાણા જેવું બનવું જ જોઈએ અને ........................ પામવું જોઈએ. (યોહાન ૧૨ : ૨૪)*

## પસ્તાવો (મૃત્યુ)

*પસ્તાવો (રીપેન્ટન્સ) શબ્દ ગ્રીક શબ્દ મેટાનોઈઆ ઉપરથી આવે છે જેનો અર્થ છે "મનનું પરિવર્તન" તેનો અર્થ તમારા હૃદય અને મનમાં પાપથી પાછા ફરવાનો અને ઈશ્વર તરફ ફરવાનો અનુભવ કરવો. તે ખેદ છે જેને નિર્ણય વડે જોડવાની જરૂર છે.*

*(૧) જો આપણે આપણાં પાપોથી ફરીએ તો આપણે ચોક્કસપણે ........................ અને ........................ નહિં. (હઝકિએલ ૧૮ : ૨૧)*

*(૨) જેઓ પસ્તાવો નથી કરતાં તેઓનું શું થાય છે ? (લુક ૧૩ : ૫) ........................*

*(૩) પ્રભુ "........................, ........................, ........................ પણ સઘળા ........................ એવું ઈચ્છે છે." (૨ પિત્તર ૩ : ૯)*

*(૪) આપણે પોતાની મેળે પસ્તાવાની જગ્યાએ આવતાં નથી, પરંતુ તે તો ઈશ્વરનો ........................ છે*

જે આપણને ત્યાં દોરે છે. (રોમન ૨ : ૪)

(૫) આપણે આપણા આચરણ તથા કૃત્યો ...................... જ જોઈએ તથા યહોવાનું વચન ...................... જ જોઈએ જેથી જેઓ તેનો અનાદર કરે છે તેમની પર વિપત્તિ પાડવા વિશે તે પશ્ચાતાપ કરે. (યર્મિયા ૨૬ : ૧૩)

(૬) ૨ કરિંથી ૭: ૯-૧૦ આપણને કહે છે કે બે પ્રકારના ખેદ છે તે કયા કયા છે ?

...................... અને ......................

કેવા પ્રકારનો ખેદ તારણ ઉપજાવે એવો પસ્તાવો ઉત્પન્ન કરે છે ?

..............................................

૭) નીતિવચનો ૨૮:૧૩ કહે છે કે, "જે માણસ પોતાના ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ." દયા પામવા માટે કોઈ એકે તેના પાપો સાથે શું કરવું જ જોઈએ ?

...................... અને ......................

(૮) એક સમય હતો જ્યારે ઈશ્વરના માર્ગો પ્રત્યે અજ્ઞાનતા એ બહાનું હતું પણ હવે સર્વ સ્થળે સઘળાં માણસોને ...................... કરવાની ઈશ્વર ...................... કરે છે. (પ્રે.કૃ. ૧૭ : ૩૦)

(૯) પ્રેરિતોના કૃત્યો ૩ : ૧૯ કહે છે જો આપણે પસ્તાવો કરીએ અને ફરીએ તો આપણા પાપ ......................, ...................... આવશે અને એમ પ્રભુની હાજરીમાંથી ...................... ના સમયો આવશે.

(૧૦) જેઓએ પૂછ્યું, "અમે શું કરીએ" તેઓને પિત્તરે ઉત્તર આપીને કહ્યું કે, ...................... કરો અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક ...................... પામો કે તમારા પાપનું નિવારણ થાય અને તમને પવિત્ર આત્માનું દાન મળશે. (પ્રે.કૃ. ૨ : ૩૭-૩૮)

## પાણીથી જન્મ (દફન)

"બાપ્તિસ્મા" (બેપ્ટિસમ) શબ્દ ગ્રીક શબ્દ "બેપ્ટો" પરથી આવે છે. જેનો અર્થ છે ડુબાડવું અથવા બોળવું. નવો કરાર સૌ પ્રથમ મૂળ ગ્રીક ભાષામાં લખાયો હતો અને તેના શબ્દો તેના મૂળ અક્ષરશઃ અર્થ પ્રમાણે લેવામાં આવ્યા છે. ડુબાડવું શબ્દ એ તેનો મૂળ (ખરો) અર્ત ગુમાવી દીધો છે. કારણ કે સુવિધા ખાતર છંટકાવની પધ્ધતિ અવેજી બની ગઈ હ તી.

તેમ છતાં ચાલો વચનની સમીક્ષા કરીએ જ્યાં પાણીના બાપ્તિસ્માનો અમલ થતો હતો અને જોઈએ તે કેવી રીતે થતું હતું.

(૧) શું પાણીનું બાપ્તિસ્મા આપણને તારે છે ? (૧ પિત્તર ૩ : ૨૦-૨૧) ......................

જે કોઈ વિશ્વાસ કરે તથા ...................... લે, તે ...................... પામશે. (માર્ક ૧૬ : ૧૬)

(૨) બાપ્તિસ્મા નહિ પામીને ફરોશીઓ તથા પંડિતોએ કોનો ઈરાદો નિરર્થક કર્યો ? (લુક ૭ : ૨૯-૩૦)

.................................................................

(૩) પાણીનું બાપ્તિસ્મા પાપોના ...................... માટે છે. (પ્રે.કૃત. ૨ :૩૮)

(૪) તે તો ઈસુ ખ્રિસ્તનું ...................... છે જે આપણાં પાપોને ધોઈ નાખે છે. (પ્રક્ટીકરણ ૧ : ૫, માત્થી ૨૬ : ૨૮)

જ્યારે આપણે બાપ્તિસ્મા પામીએ છીએ ત્યારે વિશ્વાસ દ્વારા લોહી લાગુ કરવામાં આવે છે અને આપણાં પાપોને ...................... નાંખવામાં આવે છે. (પ્રે.કૃ. ૨૨ : ૧૬)

તે ઈસુ ખ્રિસ્તમાં આપણો વિશ્વાસ અને ઈશ્વરના વચન પ્રત્યે આજ્ઞાધીનતા છે. જે આપણા પાણીના બાપ્તિસ્માને માન્ય કરે છે.

(૫) આપણા પાપોને ધોઈ નાખવામાં આવે છે જ્યારે આપણે ......................, ...................... ના નામમાં બાપ્તિસ્મા પામીએ છીઓ (પ્રે.કૃ. ૨ : ૩૮, ૮ : ૧૫-૧૭, ૧૦:૪૩, ૧૯ : ૪-૫, ૨૨ : ૧૬, ૧ કરિંથી ૬ : ૯-૧૧)

પિતા, પુત્ર અને પવિત્ર આત્મા શીર્ષકોનો ઉપયોગ કરીને કોઈપણ પ્રેરિતોએ એકપણ વખત પાણીનું બાપ્તિસ્મા કર્યુ નથી, પણ પાણીના બાપ્તિસ્માના દરેક પ્રસંગે, તેઓએ માત્થી ૨૮ : ૧૯ પાળીને નવા ખ્રિસ્તીઓને ઈસુખ્રિસ્તના નામમાં બાપ્તિસ્મા આપ્યું છે.

“ઈસુ ખ્રિસ્ત”ના નામમાં બાપ્તિસ્મામાં જે ફેરફાર કરવામાં આવ્યા હતા તેના

## ઐતહાસિક પુરાવા

બ્રિટાનીકા એનસાયક્લોપીડીઆ ૧૧ મી આવૃત્તિ પુસ્તક ૩, પાના ૩૬૫ - ૩૬૬

બીજી સદીમાં બાપ્તિસ્મા ઈસુના નામમાંથી શબ્દો પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં બદલાયું હતું.

કેની એનસાયક્લોપીડીઆ ઓફ રીલીજન પાનું - ૫૩

બીજી સદી સુધી પ્રથમની મંડળી પ્રભુ ઈસુના નામમાં બાપ્તિસ્મા કરતી હતી.

હેસ્ટિંગ્સ એનસાયક્લોપીડીઆ ઓફ રીલીજન પુસ્તક ૨

ખ્રિસ્તી બાપ્તિસ્માનો અમલ “ઈસુના નામમાં” શબ્દોનો ઉપયોગ કરીને થતો હતો. પાનું - ૩૭૭

શહીદ જસ્ટીનના સમય સુધી બાપ્તિસ્મા હંમેશા ઈસુના નામમાં હતું. પાનું - ૩૮૯

કેથોલીક એનસાયક્લોપીડીઆ પુસ્તક ૨ પાનું ૨૬૩

અહીં લેખકો સ્વીકારે છે કે બાપ્તિસ્મા વખતે બોલાતાં શબ્દોની ગોઠવણી તેમની મંડળી દ્વારા બદલવામાં આવી

હતી.

સ્કોફ્ફ - હરઝોગ રીલીજીયસ એનસાયક્લોપીડીઆ

પુસ્તક ૧, પાનું ૪૫૩ - નવો કરાર ફક્ત ઈસુના નામમાં બાપ્તિસ્મા જાણે છે.

હેસ્ટિંગ્સ ડીક્શનેરી ઓફ બાઈબલ, પાનું - ૮૮

એ સ્વીકારવું જ જોઈએ કે માત્થી ૨૮ : ૧૯ નાં ત્રિવિધનામ પ્રાચીન મંડળી દ્વારા ઉપયોગમાં લેવાયા હોવાનું જણાતું નથી, પણ તેથી ઉલટું ઈસુના નામ, ઈસુ ખ્રિસ્ત તથા પ્રભુ ઈસુ ના નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પહેલી સદીના ખ્રિસ્તીઓ પાણીના બાપ્તિસ્મામાં વિશ્વાસીઓ ઉપર ઈસુના નામનું આહવાન કરતાં તથા બોલતા હતા. જેમ કેટલાક કહે છે, "ઈસુના નામ એટલે ઈસુનો અધિકાર" તો પછી પાણીના બાપ્તિસમામાં વ્યક્તિ ઉપર શીર્ષક કરતાં નામ કેટલું વિશેષ બોલાવું જોઈએ. (જુઓ માત્થી ૨૮ : ૧૮, પ્રે.કૃ. ૪ : ૧૨, કલોસી ૨ : ૯)

## વચન પ્રમાણે આત્માઓ કેવી રીતે બાપ્તિસ્મા પામતા હતા ?

| જેઓ ઈસુના નામમાં બાપ્તિસ્મા પામ્યા. | જેઓ પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા પામ્યા |
|---|---|
| **યહુદીઓ :** "પસ્તાવો કરો અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાનો દરેક બાપ્તિસ્મા પામો..." પ્રે.કૃ. ૨ : ૩૮ | |
| **સમરૂનીઓ :** "તેઓ પ્રભુ ઈસુને નામે બાપ્તિસ્મા પામ્યા હતા..." પ્રે. કૃ. ૮ : ૧૬ | |
| **વિદેશીઓ :** "અને તેણે ઈસુ ખ્રિસ્તને નામે તેઓને બાપ્તિસ્મા આપવાની આજ્ઞા આપી." પ્રે.કૃ.૧૦ : ૪૮ | |
| **એફેસીઓ :** "એ સાંભળીને તેઓએ પ્રભુ ઈસુને નામે બાપ્તિસ્મા લીધું.." પ્રે.કૃ. ૧૯ : ૫ | |

(૬) શું બીજું એવું કોઈ નામ છે જેનાથી આપણું તારણ થાય ? (પ્રે.કૃ. ૪ : ૧૦-૧૨) .......................

(૭) શા માટે યોહાન એનોનમાં બાપ્તિસ્મા કરતો હતો ? (યોહાન ૩ : ૨૩)

......................., ......................., ........................

(૮) જ્યારે યોહાન દ્વારા બાપ્તિસ્મા પામ્યો ત્યારે ઈસુને સંપૂર્ણપણે પાણીમાં ડૂબાડવામાં આવ્યો હતો. માત્થી ૩ : ૧૬ કહે છે, "ઈસુ બાપ્તિસ્મા પામીને તરત ......................., ......................., ........................"

(૯) ફિલીપે ખોજાને સુવાર્તા આપી ત્યારપછી તેણે ફિલિપને તેને બાપ્તિસ્મા આપવાનું કહ્યું. જ્યારે તેઓ થોડા પાણીની પાસે અનુકુળ જગ્યાએ હતા. (પ્રે.કૃ. ૮ : ૩૮-૩૯ કહે છે કે "... ફિલિપ તથા ખોજો બંને ......................, ......................, અન તેણે તેને બાપ્તિસ્મા આપ્યું. તેઓ ......................, ......................, ......................, ત્યારે પ્રભુનો આત્મા ફિલિપને લઈ ગયો."

(૧૦) કલોસી ૨ : ૧૨ કહે છે, આપણે ખ્રિસ્તની સાથે બાપ્તિસ્મામાં ..............................

## આત્માથી જન્મ (પુનરૂત્થાન)

લોકોએ પ્રથમ પચાસમાંના દિવસે આત્માથી જન્મનો અનુભવ કર્યો. (પ્રે.કૃ. ૨ : ૧-૪) પિત્તરે સમજાવ્યું કે ઈશ્વર તેમનો આત્મા સર્વ માણસો પર રેડી દેશે. એ ભવિષ્યવાણીની આ પરિપૂર્ણતા હતી. (પ્રે.કૃ. ૨ : ૧૬-૧૭)

(૧) શા માટે પાણીથી અને આત્માથી જનમવું જરૂરી છે. (યોહાન ૩ : ૧-૮)

...............................................................

(૨) પવિત્ર આત્મા તમારામાં વસતો ના હોય તો શું તમે ખ્રિસ્તના શરીરના ભાગ બની શકો ? (રોમન ૮ : ૯ - ૧૧) ...............................................................

(૩) શું "વચન" હતું જે ઈશ્વર દ્વારા આપવામાં આવ્યું હતું ? (પ્રે.કૃ. ૧ : ૪-૫) ......................

(૪) જ્યારે તેઓ "વચન" પામ્યા ત્યારે તેઓ ...................... માં ...................... લાગ્યા. (પ્રે.કૃ. ૨ : ૪)

(૫) શું ઈસુની મા મરિયમ અન્ય ભાષામાં બોલી, જ્યારે તે પવિત્ર આત્મા પામી. (પ્રે.કૃ. ૧ : ૧૪, ૨:૧-૪, ૩૩)

...............................................................................

શું પાઉલ પ્રેરિત જેણે કરિંથની મંડળીને પત્ર લખ્યો તે અન્ય ભાષામાં બોલ્યો ?

(૧ કરિંથી ૧૪ : ૧૮, ૩૯) ...............................................

શું એફેસીઓ અન્ય ભાષામાં બોલ્યા ? (પ્રે.કૃ. ૧૯ : ૬) ...............................................

(૬) પિત્તરે કેવી રીતે જાણ્યું કે કર્નેલિયસ અને તેના ઘરના પવિત્ર આત્મા પામ્યા જ્યારે તે હજુ તો તેઓને ઉપદેશ આપી રહ્યો હતો ? (પ્રે.કૃ. ૧૦ : ૪૫ - ૪૬) ...............................................

(૭) શું "વચન" આજે પણ આપણા માટે છે ? (પ્રે.કૃ. ૨ : ૩૯) ......................

(૮) પવિત્ર આત્માની સાથે આપણે શું પ્રાપ્ત કરીએ છીએ ? (પ્રે.કૃ. ૧ : ૮) ......................

આ સામર્થ્ય સાક્ષી બનવા આપણને શક્તિમાન કરે છે જે ખ્રિસ્તી જીવન જીવવા અને ઈશ્વરના વચન જાહેર કરવાની કાર્ય શક્તિ છે.

## શા માટે કેટલાંક બચેલા (તારણ પામ્યા) નથી ?

*માત્થી ૭ : ૧૪ માં આપણે વાંચીએ છીએ કે જે આત્માઓ સ્વર્ગમાં પ્રવેશ પામ્યા તેઓએ હતા કે જેઓને રસ્તો જડ્યો હતો. આ આપણને જણાવે છે કે આપણામાના દરેક તે આપણે કેવી રીતે તેના રાજ્યમાં પ્રવેશી શકીએ એ વિષે ઈશ્વરનું વચન શું કહે છે તે શોધવા માટે જવાબદાર છીએ.*

*(૧) ઘણાં સુવાર્તા જાણતા તથા સમજતા નથી આ સૂચવે છે કે તેઓ ...................... છે. (૨ કરિંથી ૪ : ૩)*

*(૨) તેઓ વિશ્વાસ ના કરે માટે કોણે તેઓના મન આંધળા કર્યા છે ? (૨ કરિંથી ૪ : ૪) ......................*

*(૩) જેઓએ પ્રેમથી સત્યનો અંગીકાર કર્યો નહિ કારણ કે તેઓએ અધર્મમાં આનંદ માન્યો તેઓનું શું થશે ? (૨ થેસ્સાલોનિકા ૨ : ૧૦-૧૨)*

*..........................................................................................*

*(૪) બીજું કારણ કેટલાકે શા માટે સુવાર્તાનો અંગીકાર કર્યો નથી તે એ છે કે તેઓએ તે સુવાર્તા ...................... નથી (રોમન ૧૦ : ૧૪-૧૭)*

## શું તમે તમારું તારણ ગુમાવી શકો ?

*ફિલિપી ૨ : ૧૨ આપણને કહે છે કે આપણે આપણું તારણ ભય તથા કંપારીસહિત સાધી લેવાનો યત્ન કરવો જ જોઈએ.*

*આપણને આપણું તારણ નિશ્ચિત નહિ ગણવાની ચેતવણી આપવામાં આવી છે. તે ભેટ છે પણ સાથે સાથે આ ભેટ જે તેમણે આપણને આપી છે તેને ત્યજી દેવી શક્ય છે.*

*(૧) શું પાઉલને ચિંતા હતી કે તે પણ ઈશ્વર સાથેનો તેનો સંબંધ ગુમાવી શકે ? (૧ કરિંથી ૧૦ : ૧૨)*

*.................................................................*

*(૨) હિબ્રૂ ૩ : ૧૩-૧૪ આપણને કહે છે કે આપણે પાપના કપટથી કઠણ હૃદયના થઈ શકીએ છીએ. કઈ શરત હેઠળ આપણે ખ્રિસ્તના ભાગીદાર બની શકીએ ?*

*.................................................................*

*(૩) હિબ્રૂ ૬ :૪-૮ પ્રમાણે શું તે શક્ય છે કે જેઓ એકવાર પ્રકાશિત થયા અને સ્વર્ગીય દાનોનો અનુભવ લીધો તેઓ પતિત થાય ? ................................................................*

*(૪) યોહાન કહે છે કે જો આપણે ઈશ્વરના વચનમાં ...................... તો આપણે તેના શિષ્યો છીએ. જો ફક્ત આપણે તેનું વચન પાળીએ તો આપણે ...................... દેખીશું નહિ. (યોહાન ૮ : ૩૧, ૫૧)*

(૫) જો આપણે ઈશ્વરના વચન પાળીએ નહિ અને આપણા પાપી સ્વભાવના ખુલ્લા કામ જેવા કે વ્યભિચાર, છાકટાઈ તથા વિલાસ તરફ પાછા ફરીએ તેમ છતાં શું આપણે દેવના રાજ્યનો વારસો પામી શકીએ ? (ગલાતી ૫ : ૧૯-૨૧)

(૬) "અને એમ તેઓએ પ્રથમ કરેલી પ્રતિજ્ઞાનો ......................., ....................... ને લીધે તેઓ દંડપાત્ર ઠરે છે." (૧ તિમોથી ૫ : ૧૨)

(૭) ૨ કાળવૃત્તાંત ૧૫ : ૨ અને પુનર્નિયમ ૩૦ : ૧૭-૧૮ આપણને કહે છે કે જો આપણે ઈશ્વરને ત્યજીએ તો, તે આપણને ....................... દેશે.

(૮) જો આપણે પાપ કરવાનું ચાલુ રાખીએ તો આપણા પાપોને માટે શું બીજુ બલિદાન છે. (હિબ્રૂ ૧૦ : ૨૬) .................................................................

(૯) માત્થી ૧૦ : ૨૨ આપણને કહે છે કે, ".... જે અંત સુધી ટકશે તે ....................... પામશે."

## સારાંશ

જ્યારે આપણે પસ્તાવો કરીએ, પાપોની નિવારણ માટે ઈસુ ખ્રિસ્તને નામે બાપ્તિસ્મા લઈએ અને પવિત્ર આત્માથી ભરપૂર થઈએ ત્યારે, આપણે ખ્રિસ્તના મરણ, દફન અને પુનરૂત્થાન જે નીચે આપેલી કલમોમાં સમજાવ્યું છે. તેની સાથે એકરૂપ થઈએ છીએ.

"... આપણે પાપોના સંબંધમાં મૂઆ, તો પછી એમાં કેમ જીવીએ ? શું તમે નથી જાણતાં કે આપણે જેઓ ખ્રિસ્ત ઈસુમાં બાપ્તિસ્મા પામ્યા તેઓ સર્વ તેના મરણમાં બાપ્તિસ્મા પામ્યા ? તે માટે આપમે બાપ્તિસ્મા દ્વારા તેની સાથે મરણમાં દટાયા કે, જેમ ખ્રિસ્તને બાપના મહિમાથી મૂએલામાંથી ઉઠાડવામાં આવ્યો તેમજ આપણે પણ નવાં જીવનમાં ચાલીએ." (રોમન ૬ : ૨-૪)

## ઉત્તરો

**તમારે નવો જન્મ પામવો જ જોઈએ**

(૧) ના

(૨) પાણી, રક્ત

(૩) મૃત્યુ

**પસ્તાવો (મરણ)**

(૧) જીવીશું, મરીશું

(૨) તેઓ નાશ પામશે

(૩) કોઈનો નાશ ન થાય, પશ્ચાતાપ કરે

*(૪)* *ઉપકાર*

*(૫)* *સુધારવા, માનવું*

*(૬)* *દેવની ઈચ્છા પ્રમાણે થતો ખેદ, સાંસારિક ખેદ*

*(૭)* *કબૂલ કરવા જોઈએ, ત્યજવા જોઈએ*

*(૮)* *પસ્તાવો, આજ્ઞા*

*(૯)* *ભૂંસી નાખવામાં, તાજગી*

*(૧૦)* *પસ્તાવો, બાપ્તિસ્મા*

**પાણીથી જન્મ (દફન)**

*(૧)* *હા, બાપ્તિસ્મા*

*(૨)* *દેવનો*

*(૩)* *નિવારણ*

*(૪)* *રક્ત, ધોઈ*

*(૫)* *ઈસુ ખ્રિસ્ત*

*(૬)* *ના*

*(૭)* *કારણકે ત્યાં પાણી ઘણું હતું.*

*(૮)* *પાણીમાંથી, નીકળી આવ્યો*

*(૯)* *પાણીમાં ઊતર્યા, પાણીમાંથી બહાર આવ્યા*

*(૧૦)* *દટાયા*

**આત્માથી જન્મ (પુનરૂત્થાન)**

*(૧)* *તેના સિવાય તમે દેવના રાજ્યમાં પ્રવેશી શકો નહિ.*

*(૨)* *ના*

*(૩)* *પવિત્ર આત્મા*

*(૪)* *અન્ય ભાષા બોલવા*

*(૫)* *હા, હા, હા*

*(૬)* *કારણ કે તેણે તેઓને અન્ય ભાષામાં બોલતા સાંભળ્યા*

*(૭)* *હા*

*(૮)* *સાક્ષી બનવા માટેનું સામર્થ્ય*

**શા માટે કેટલાક બચેલા (તારણ પામ્યા) નથી**

*(૧)* *ખોવાયેલા*

*(૨)* *જગતના દેવે (શેતાને)*

*(૩)* *તેઓ નાશ પામશે*

*(૪)* *સાંભળી*

**શું તમે તમારું તારણ ગુમાવી શકો ?**

*(૧)* *હા*

*(૨)* *જો આપણે આરંભમાં રાખએલો ભરોસો અંત સુધી દઢ રાખીએ*

*(૩)* *હા*

*(૪)* *રહીએ, મોત*

*(૫)* *ના*

*(૬)* *ભંગ કર્યો*

*(૭)* *ત્યજી*

*(૮)* *ના*

*(૯)* *તારણ*